# શ્રી સ્વામિનારાયણ મંદિર - ઈટાસ્કા શિકાગો

## નૂતન વર્ષાભિનંદન

**વિશેષાંક**
**સંવત ૨૦૮૧**





પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી
કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



## Midwest (Itasca) Shree Swaminarayan Temple

(Under Nar Narayan Dev Diocese)

## International Swaminarayan Satsang Organisation

21 W 710 Irving Park Road, Itasca. IL-60143
Phone : (866) 838 - 4778
Live Darshan : http://www.issochicago.org



પ.પૂ. મોટા મહારાજશ્રી
તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી
કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.ભાવિ આચાર્યશ્રી
વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

# દિવાળી એવં નૂતન વર્ષાભિનંદન

દિવાળી તો દર વર્ષે આવે છે પરંતુ એને આપણે કેવા ભાવથી ઉજવીએ છીએ એ સમજવાનું છે . દીવાઓ બહાર પ્રગટાવીએ સાથે સાથે અંતરમાં પણ દીવા પ્રગટે એ મહત્વનું છે. અંતરનું અંધારું ટાળવુ એ દિવાળી,

આપણે સૌ ભાગ્યશાળી છીએ કે આપણને એવા દેવ મળ્યા છે જે અંતરના અંધારાને ટાળી દિવ્ય પ્રકાશ આપે છે, સુખ આપે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી નરનારાયણ દેવના ચરણોમાં એ જ પ્રાર્થના કરીએ આગામી સંવત ૨૦૮૧નું નૂતન વર્ષ આપ સૌના માટે, સગા સંબંધી, પરિવાર માટે સુખ, શાંતિ, આરોગ્ય અને સંપ આપનારુ રહે અને ભક્તિનું બળ વધે. એજ શ્રી નરનારાયણ દેવના ચરણોમાં પ્રાર્થના.

- પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, સમગ્ર ધર્મકુળના જય શ્રી સ્વામિનારાયણ.

## નૂતન વર્ષ સત્સંગ સંદેશ

આગામી વર્ષ સંવત ૨૦૮૧ ના મંગળ પ્રભાતે શ્રી સ્વામિનારાયણ મંદિર - શિકાગો (ઈટાસ્કા) મંદિરમાં બિરાજમાન ઈષ્ટદેવ શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણ દેવ, શ્રી નરનારાયણ દેવ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ આદિ દેવોના ચરણોમાં દંડવત પ્રણામ સહ સર્વે ભક્તોને ભાવથી જય શ્રી સ્વામિનારાયણ.

દિવાળીના દિવસોમાં લોકોના અંતરમાં અનેરો આનંદ ઉત્સાહ હોય છે, આપણા દરેક ધાર્મિક તહેવારો આપણને ભક્તિના રંગમાં રંગી દેતા હોય છે. તેમાં પણ દિવાળીના દિવસોમાં વધારે ભક્તિમય વાતાવરણ જોવા મળે છે. અને ખરેખર ભક્તિથી જ ભગવાન પ્રસન્ન થતા હોય છે. આગામી વર્ષમાં આપણે વિશેષ ભક્તિ કરી, સેવા કરી, આપણા સનાતન હિન્દુ ધર્મની મુળભૂત પરંપરા પ્રમાણે જીવન જીવી અને તેની રક્ષા કરી શ્રી હરિને રાજી કરવાનો પ્રયત્ન કરીએ.

આવનાર આ નૂતન વર્ષ આપના જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહ ભક્તિમાં અભિવૃદ્ધિ કરનારું થાય, ભગવાનની સેવા કરવાનું બળ મળે, દેવ પ્રત્યેની નિષ્ઠા વધે, ધર્મકુળ - સંતો - હરિભક્તો સર્વનો રાજીપો પ્રાપ્ત કરી શકો અને સદૈવ ઉત્તરોતર પ્રગતિના પંથે રહો. આપ- આપના પરિવાર, સગા-સંબંધી, સર્વનું સ્વાસ્થ્ય શ્રી હરિ સારું રાખે, પરસ્પર આત્મીયતા અને સંપ વધે એવી શ્રી હરિના ચરણોમાં પ્રાર્થના સહ સૌને જય શ્રી સ્વામિનારાયણ.

- પુજારી શાંતિપ્રકાશદાસજી સ્વામી, શા.ધર્મનંદનદાસજી સ્વામી...

# દિવાળી પર્વ એટલે....

સનાતન ધર્મના અનુયાયીઓ પર્વાધિરાજ દિવાળીના તહેવારો ઉત્સાહ અને ઉમંગભેર ધામધૂમથી ઉજવે છે. આસો વદી વાઘબારસથી કારતક સુદી લાભપાંચમ સુધી અનેરો આનંદ છવાયેલો રહે છે. ધન, ધાન્ય અને ધંધા (વેપાર-રોજગાર)ના આરાધ્યા દેવી, દેવતાઓનું આરાધન અને પૂજન કરી પરસ્પર આત્મીયતાની અભિવ્યક્તિ હર્ષોલ્લાસ પૂર્વક કરે છે. લાભ પાંચમના સત્ય અને નીતિના પ્રતિક સમા 'કાંટા' (ત્રાજવું)નું પૂજન કરી પ્રમાણિકતાથી વેપાર કરવાના સંકલ્પો કરે છે જેથી ધંધામાં બરકત રહે અને વેપારી વર્તુળમાં શાખ ઊભી થાય. (જીવનું પણ એવું જ છે. સત્ય-નિષ્ઠા સાથે નીતિના માર્ગે ચાલીએ તો પુણ્યના ભાથામાં વૃદ્ધિ થાય અને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થાય) દિવાળીની ઉજવણી બાદ નૂતનવર્ષના અભિનંદન પાઠવી શુભ સંકલ્પો સાથે આત્મોન્નતી અર્થે શુભેચ્છાઓ પણ પાઠવીએ.

દાનવદૃષ્ટિ જો નાશ કરી એકબીજા તરફ દેવદૃષ્ટિથી નિહાળી વ્યક્તિમાં રહેલા દેવત્વને જાણીએ, જીવમાત્ર પ્રત્યે સહિષ્ણુતા દાખવી 'સ્વ'ને વિસારી સર્વનું વિચારીએ સૌનું રૂડું થાય, સૌનું કલ્યાણ થાય, સૌની ઉન્નતિ થાય એવા શુભ સંકલ્પો કરીએ અને સૌને સત્કર્મો કરવાની પ્રેરણા પૂરી પાડીએ, પ્રોત્સાહિત કરીએ દરેક અવસ્થામાં શ્રીહરિ પ્રત્યે હૈયામાં હેતરાખી તેની ઉપસ્થિતિ અનુભવીએ, તેના સાંનિધ્યના સાક્ષાત્કાર સાથે શ્વાસે શ્વાસમાં, હૃદયના દરેક ધબકારમાં તેના અસ્તિત્વનો અહેસાસ કરીએ.

સમસ્ત સૃષ્ટિમાં અને સૃષ્ટિના જીવમાત્રમાં નિહિત સત્યમ્ શિવમ્ સુન્દરમ્‌માં તન્મય થઈએ. આપણા હાથે મંગલકાર્યો થતાં રહે અને આપણા ચરણો કલ્યાણના માર્ગે ચાલતા રહે. અહં અંચળો ફેંકી દઈ નિર્દોષ, નિર્મળ અને નિરપેક્ષભાવ સાથે ભગવાન શ્રીસ્વામિનારાયણ સમક્ષ ઊભા રહી વિશ્વંભર પરમાત્માની અનંત ઐશ્વર્યની છત્રછાયામાં નચિંત થઈ મસ્ત બની જીવન જીવીએ.

માનવ નિર્દોષ, નિર્મળ, નિરપેક્ષ, નિખાલસ, સહિષ્ણુ, સૌમ્ય અને સંતોષી હૃદય સાથે જન્મે છે. પરંતુ માનવ સર્જીત વિકૃતિઓએ પવિત્ર હૃદયને ભ્રષ્ટ કરી દે છે. ત્યારે એટલી જ અપેક્ષા કે, વેર શાંત થાઓ, સૌહાર્દની અરસપરસ વૃદ્ધિઓ કલહનો નાશ થાઓ. લોકોમાં અરસપરસ પ્રેમ વૃદ્ધિ થાઓ, કલહ નાશ પામો. લોકો અરસપરસ ભાવવાહી જીવન જીવતા થાઓ.માનવ સાચા અર્થમાં માનવ થાઓ.

આવનારું વર્ષ આપના જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને એકાંતિક ભક્તિમાં વૃદ્ધિ કરનારું રહે તેમજ શ્રીહરિની આજ્ઞા અને ઉપાસનામાં દઢતા લાવનારું થાય. સ્વાસ્થ્ય સભર આરોગ્ય, પરિવારમાં પરસ્પર આત્મીયતા સાથે સંપ વધારનારું નીવડે. આરંભેલા સત્કાર્યો નિર્વિઘ્ને સંપન્ન થાય. કામ, ક્રોધાદિક અંતઃશત્રુનું બળઘટે અને સત્સંગનું બળ વધે. સત્સંગમાં દાસાનુદાસની ભાવના સાથે સત્સંગને સમર્પિત થવાય એવી ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના સહ દિવાળી તથા નૂતનવર્ષાભિનંદન શુભાશીર્વાદ જય શ્રી સ્વામિનારાયણ.

- પુજારી સ્વામી શાંતિપ્રકાશદાસજી...

# નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય

ભગવાનના ભક્તો જ્યારે જ્યારે મંદિરમાં ભગવાનના દર્શન કરવા આવે છે ત્યારે ત્યારે ભગવાનની પ્રાર્થના કરતા હોય છે. પ્રાર્થના એ પ્રથમ પગથિયું છે. પ્રાર્થના એટલે વિનંતિ, આજીજી, કાલાવાલા, અરજ, ઈશ્વર સ્તુતિ, ભક્તિસ્તવન,



કવિ કાલેલકર કહે છે કે પ્રાર્થના એટલે પોતાના આદર્શ મુજબ પોતાનું જીવન ઘડીને ઈશ્વરને સમર્પણ કરવાની ક્રિયા. ઘણા લોકો પ્રાર્થનામાં ભગવાન પાસે નોકરી-ધંધા,વ્યવહાર-વેપાર, કુટુંબ-પરિવાર માટે ઘણું ઘણું માગતા હોય છે, કોઈક તો ભગવાન પાસે કામ કઢાવવા મથતા હોય છે, પરંતુ સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત ભક્તોએ ભગવાન પાસે કેવી પ્રાર્થના કરવી જોઈએ અને પ્રાર્થનામાં શું માંગવું જોઈએ એ આપણા સંતો એ આપણને શીખવ્યું છે.

સ.ગુ. પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી એ એક એવી પ્રાર્થના લખી છે જે આજ દીન પર્યંત આપણા દરેક મંદિરોમાં દરરોજ ગવાય છે. આ પ્રાર્થનામાં પહેલા સાત માંગણી છે અને પછી અગિયાર નિયમો છે. આ પ્રમાણે ભક્ત રહે તો તેને ભગવાન તરત જ વશ થઈ જાય અને 'પ્રેમાનંદ કહે ધામમે જાઓ નિઃશંક જગ જીત' એ ભક્ત જગત જીતી ભગવાનના ધામમાં નિઃશંક પહોંચી જાય.

## પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;
માહાત્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ, એકાંતિક સુખધામ, ૧
મોહિમેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર, ૨
તુમ્હારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહિ હોય;
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય. ૩
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ;
એહી માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ. ૪
હે કૃપાલો! હે ભક્તપતે! ભક્તવત્સલ! સુનો બાત;
દયાસિંધો! સ્તવન કરી, માગું વસ્તુ સાત. ૫

૧- નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય - ભગવાનનો નિશ્ચય થવો ઘણો કઠિન છે, તેમાં પણ નિર્વિકલ્પ નિશ્ચય થવો તો ઘણો જ કઠિન છે. લોયા ના ૧૨ માં વચનામૃતમાં સ્વયં શ્રીજી મહારાજ કહે છે કે ''અષ્ટઆવરણે યુક્ત એવા જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરૂષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ''

૨ - મોહિ મે તવ - હે પ્રભુ ! તમારું ભક્તપણું આવવામાં કોઈ જાતનો દોષ ન રહે.

૩ - તુમ્હારો તવ હરિભક્તકો - હે દયાળુ । તમારો અને તમારા કોઈ પણ હરિભક્તનો દ્રોહ કબુ ન હોય - દ્રોહ કયારેય ન થાય એવી કૃપા કરજો. ગઢડા મધ્ય ના ૪૦ માં વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાન કહે છે કે 'જાણે અજાણે મને, વચને, દેહે કરીને જે કાંઈ ભગવાનના ભક્તનો દ્રોહ બની આવ્યો હોય તો તેના નિવારણ કરાવ્યા સારું એક દંડવત પ્રણામ અધિક કરવો અને અમે એમ જાણ્યું છે જે ભગવાનના ભક્તનું દ્રોહે કરીને જેવું જીવનું ભુંડું થાય છે અને એ જીવને કષ્ટ થાય છે તેવું કોઈ પાપે કરીને નથી થતું.



સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી

૪ - એકાંતિક તવ દાસકો - હે પ્રભુ ! હે દયાળુ ! આપના એકાંતિક સંતો-ભકતોનો સમાગમ આપજો. જીવ સમાગમ થી જ બળીયો બને છે. ભગવાનના એકાંતિક સંતો-ભકતોનો સંગ મળવો દુર્લભ છે, એમનો સમાગમ નિશદિન કરવો એવું બ્રહ્માનંદ સ્વામીએ પણ લખ્યું છે 'સંત સમાગમ કીજે હો નિશદિન ....' માટે હે કૃપાળુ ! આપના એકાતિક સંતો-ભક્તોનો સમાગમ આપજો.

૫ - નાથ નિરંતર દર્શ તવ - હે નાથ ! હે દીનાનાથ ! તમારા આવાને આવા પરમ કમનીય મનોહર, વાત્સલ્યતા થી ભરેલ, કરુણા દષ્ટિ યુક્ત દર્શન હર હંમેશ થતા રહે. આપના આ દર્શનનો વિયોગ . અમને કયારેય ન થાય. જીવનમાં બીજુ મળ્યું કે ન મળ્યું પરંતુ આપના આવા દર્શન તો હર હંમેશ મળતા રહે એવી કૃપા કરજો.

૬ - તવ દાસન કો દાસ - હે શરણાગત વત્સલ ! હું તો આપના દાસનો પણ દાસ છુ એવી ભાવના હમેશા રહે, કયારેય પણ ધનનો, સત્તાનો, કે બુધ્ધિનો અહંકાર મારા જીવનમાં ન આવે. ભગવાનના દાસ થવું થોડુ સહેલું છે પરંતુ ભગવાનના જે જે દાસ છે તેના પણ દાસ-નોકર થઈને રહેવું અઘરુ છે. દાસનો અર્થ થાય છે ગુલામ, જેમ કોઈ વ્યક્તિએ કોઈને ખરીદી લીધો હોય પછી એ તેની ગુલામી કરે, જેમ કહે તેમ કરે એવો હું આ સત્સંગમાં બધાનો દાસ બનું એવી કૃપા કરજો.

૭ - સદા રાખિયો પાસ - હે કૃપાળુ ! હે ભક્તપતે ! હે ભક્તવત્સલ ! હું આપની પાસે એ જ વિનંતી કરું છુ કે હે હરિ! આપ સદા મને આપની પાસે જ રાખજો. કયારેય આપના થી જુદો કરશો નહી, હું આપના વિના નહીં રહી શકું

## હવે આગળ 11 નિયમો સ્વામી એ કહ્યા છે.

સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ;
તાકું હોય દઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ. ૬
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિગતિ કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય. ૭
હિંસા ન કરની જન્તુકી, પરત્રિયા સંગકો ત્યાગ;
માંસ ન ખાવત મધકું, પીવત નહીં બડભાગ. ૮
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુંકી, કલંક ન કોઈકું લગાત. ૯
નિંદત નહિ કોય દેવકું, બિન ખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદનસે, કથા સુની નહિ જાત. ૧૦
એહી ધર્મકે નિયમમેં, બરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદપદ, છોડી ઔર સબ આસ. ૧૧
રહી એકાદશ નિયમમેં, કરો શ્રીહરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગ જીત

આ શિક્ષાપત્રીના મુખ્ય ૧૧ નિયમો છે, આ નિયમો તો દરેક સત્સંગી એ પાલન કરવાના જ છે.

૧ હિંસા ન કરની જતકી - કોઇ પણ જીવ પ્રાણી માત્રની



હિંસા મન, કર્મ, વચને ન કરવી.

- do not commit violence to any living being through thought, word, or deed.

૨ પરસ્ત્રિયા સંગ કો ત્યાગ - પરસ્ત્રી નો સંગ ન કરવો

- avoid illicit association with women

૩ માંસ ન ખાવત - માંસ ન ખાવું - do not eat meat

૪ મધકું પિવત નહિ - મધ કહેતા દારૂ ન પીવો

- do not drink alcohol or take part in intoxicating substances

૫ વિધવાકું સ્પર્શત નહિ - વિધવા સ્ત્રી નો જાણ ને સ્પર્શ ન કરવો.

- do not touch unrelated widows

૬ કરત ન આત્મઘાત - આત્મઘાત ન કરવો.

- do not commit suicide

૭ ચોરી ન કરની કાહુકી - કોઈ પણ વસ્તુ એના માલીક ને પુછ્યા વિના લેવી નહિ.

- do not steal or take anything without asking it's owner

૮ કલંક ન કોઈકુ લગાત - કોઈના ઉપર મિથ્યા આરોપ ન મુકવો.

- do not defame or falsely accuse anyone

૯ નિંદત નહિ કોઇ દેવકુ - કોઈ પણ દેવતાની નિંદા ન કરવી.

- do not insult any deities

૧૦ બિન ખપતો નહિ ખાત - જેના હાથ નુ રાધેલું અન્ન અને જળ ખપતું ન હોય તેનું ખાવું નહિ.

- do not eat cooked food or water from forbidden/ impure hands

૧૧ વિમુખ જીવ કે વદન સે કથા સુની નહિ જાત - વિમુખ ના મુખની કથા વાર્તા સાંભળવી નહિ.

- do not listen to spiritual preaching from atheist or those turned away from bhagwan.

આ ૧૧ નિયમોનું પાલન કરવું, બીજી બધી આશાઓ છોડી ભગવાનનું ભજન જે કરશે તે નિઃશંક જગજીતી જશે. એવું વચન સ.ગુ. પ્રેમાનંદ સ્વામી આપે છે.

આપણે પ્રાર્થના તો દરરોજ કરીએ છીએ પણ આવા ભાવ સાથે પ્રાર્થના કરીએ તો ચોક્કસ સ્વામિનારાયણ ભગવાન આપણા ઉપર રાજી થશે. અને માયાના બંધન થી મુકાવી પોતાની મુર્તિનું અત્યંત સુખ આપશે એ જ.

- શા. સ્વામી ધર્મનંદનદાસજી

# શ્રીમદ્ ભગવદ્ ગીતા કથા પારાયણ



ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી આપણા ISSO શ્રી સ્વામિનારાયણ મંદિર, ઈટાસ્કા - શિકાગોને આંગણે પરમાત્મા શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનજીના માધ્યમે જગતના કલ્યાણ માટે પોતાના શ્રીમુખે આપેલ બોધ એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતા શાસ્ત્રની કથા આગામી **તા. ૧૦-૨૩-૨૦૨૪, બુધવાર થી તા. ૧૦-૩૦-૨૦૨૪, બુધવાર સુધી કથા પારાયણ કરવામાં આવશે.**



સનાતન હિન્દુ ધર્મનો મુળભૂત ગ્રંથ એટલે શ્રીમદ્ ભગવદ્ગીતા જે શાસ્ત્ર આશરે ૫૧૬૧ વર્ષ પહેલા શ્રી કૃષ્ણ ભગવાનના શ્રીમુખથી નીકળેલી અમૃતવાણી છે. ઈ.સં. ૧૦૧૭ માં પ્રગટ્યા જગદ્ગુરૂ રામાનુજાચાર્યજી, જેમણે આ ગ્રંથ ઉપર ભાષ્યની રચના કરી ૭૦૦ શ્લોકના અર્થ સમજાવ્યા છે. જેને શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી ગ્રંથના ૧૦૦ મા શ્લોકમાં અધ્યાત્મશાસ્ત્ર કહ્યું છે, આ ગ્રંથનું પ્રકાશન આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર - શિકાગો (ઈટાસ્કા) દ્વારા ૫ પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી થઈ રહ્યું છે, સાથે ગીતા ગ્રંથની કથા પારાયણનું પણ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા શાસ્ત્રની કથા તથા ભગવાનના દિવ્ય ચરિત્રો, મહિમા સાંભળવાનો લાભ લેવા આપ સર્વેને સહ પરિવાર પધારવાનું હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

- પૂજારી શાંતિપ્રકાશદાસજી સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, ઈટાસ્કા- શિકાગો વતી

**કથાના વક્તા : શા. સ્વામી ધર્મનંદનદાસજી - શિકાગો**

| કથા પ્રારંભ | કથા સમય - દરરોજ | કથા પૂર્ણાહુતિ |
|---|---|---|
| તા. ઓક્ટોબર ૨૩,૨૦૨૪<br>બુધવાર | સાંજે ૬:૦૦ થી ૮:૦૦ | તા. ઓક્ટોબર ૩૦, ૨૦૨૪<br>બુધવાર |

## શ્રીમદ્ ભગવદ્ ગીતા કથા પારાયણના યશસ્વી યજમાનશ્રીઓ

- પ.ભ. શ્રી વકીલ જયંતિલાલ અને શારદાબેન શાહ હસ્તે કમલેશભાઈ અને કૌકીલાબેન
- અ.નિ. ઈશાબેન રેવાભાઈ પટેલ પરિવાર (ડાંગરવા) હસ્તે ભારતીબેન, વિષ્ણુભાઈ
- પ.ભ. શ્રી ઠાકોરભાઈ અને જયશ્રીબેન પટેલ પરિવાર
- પ.ભ. શ્રી ભાવેશભાઈ અને હેતલબેન પટેલ, - વંશી, યશ્વી
- પ.ભ. શ્રી શૈલેષભાઈ અને દિપલબેન ગણાત્રા - આયુષ્ય, ઈશાન
- પ.ભ. શ્રી બળદેવભાઈ અને ભીખાભાઈ પટેલ પરિવાર હ. દક્ષા અને રૂપલકુમાર
- પ.ભ. શ્રી પ્રકાશભાઈ અને સુનંદાબેન પટેલ પરિવાર - મુન્ની
- પ.ભ. શ્રી તુષારભાઈ અને મંજુલાબેન પટેલ પરિવાર
- પ.ભ. શ્રી વિનોદભાઈ અને હંસાબેન ઠક્કર પરિવાર - પીન્કી, ચિંતન
- પ.ભ.શ્રી શૈલેશભાઈ પટેલ, હ. કૌશલ પટેલ

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી સ્વામિનારાયણ નમઃ ॥

# हार्दिक आमंत्रण

# તુલસી વિવાહ





"કર્યો વૃંદાવનો ત્યાં વિવા, દગે દિઠા છે ફર્યો ફૂલેકામાં એવા, દગે દિઠા છે."

પૌરાણિક સનાતન સંસ્કૃતિમાં અનેક ઉત્સવો ઉજવાય છે. જેમાં તુલસીજીના, શ્રી લગ્ન ભગવાન શાલીગ્રામજી સાથે ખૂબ જ ધામધૂમ થી ઉજવવામાં આવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ દર વર્ષે તુલસી વિવાહ ખૂબ ધામધૂમથી ઉજવતા.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સૌ પ્રથમવાર સંવત ૧૮૯૨ માં ગામડી ગામના દંપતિ નિઃસંતાન હતા. તેઓએ તુલસીજીના લગ્ન શ્રી સ્વામિનારાયણ ભગવાન નિત્ય જેની પૂજા કરતા એવા શાલીગ્રામજી સાથે જેતલપુરધામમાં શ્રી તુલસી વિવાહ કરાવેલા. ત્યારથી દર વર્ષે આ પરંપરા આપણા સંપ્રદાયમાં અવિરત ચાલે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તેમજ શ્રી નરનારાયણદેવ ગાદીપીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ શ્રી, સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી સંવત ૨૦૮૧ના કારતક વદ પડવાના તારીખ ૧૧-૧૬-૨૦૨૪ શનિવારના રોજ શ્રી તુલસીજીના લગ્ન નારાયણ સ્વરૂપ શાલીગ્રામજી સાથે નિર્ધારિત થયા છે. આ શુભ મંગલ પ્રસંગે આપ સૌ ભક્તોને સહપરિવાર પધારવાનું ભાવભર્યું હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

- લી.શ્રી સ્વામિનારાયણ મંદિર ઈટાસ્કા - શિકાગો, સમગ્ર યજમાન પરિવાર વતી

## કાર્યક્રમની રૂપરેખા





| | | |
|---|---|---|
| મહેંદી | ૧૧-૧૪-૨૦૨૪, ગુરુવાર | સાંજે ૬:૦૦ થી ૮:૦૦ |
| રાસ ગરબા | ૧૧-૧૫-૨૦૨૪, શુક્રવાર | સાંજે ૭:૦૦ થી ૧૧:૦૦ |
| ગણેશ સ્થાપના | ૧૧-૧૬-૨૦૨૪, શનિવાર | સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ |
| તુલસી વિવાહ | ૧૧-૧૬-૨૦૨૪, શનિવાર | સાંજે ૪:૦૦ થી ૮:૦૦ |
| હાટડી દર્શન | ૧૧-૧૬-૨૦૨૪, શનિવાર | તુલસી વિવાહ પછી. |





### શ્રી શાલીગ્રામજીના યજમાનશ્રી

પ.ભ શ્રી જયોત્સનાબેન ભરતભાઈ ચૌધરી
ખુશ્બુ, પ્રિયા, અર્જુન
પ.ભ.શ્રી વર્ષાબેન ભુપેન્દ્રભાઈ ચૌધરી
રીયા, કેનવી

### શ્રી તુલસીમાતાના યજમાનશ્રી

પ.ભ.શ્રી અમિતાબેન દિલીપભાઈ ચૌધરી
અર્જુન, પાર્થ
પ.ભ.શ્રી ગ્રીષ્માબેન બિપીનભાઈ ચૌધરી
માહી, રાજ

### વાઘાના યજમાનશ્રી

પ.ભ.શ્રી સુધિરભાઈ શામળભાઈ પટેલ

### ફુલહારાના યજમાનશ્રી

પ.લ શ્રી સુરેખાબેન જીતેન્દ્રકુમાર ચૌધરી
પ્રેમ અને જાન્હી

# શરદ પૂનમ





















## નીતિ પ્રવિણ સ્તોત્ર કથા અને નવું વર્ષ


















# ૨૫ મો તુલસી વિવાહ









































# ઉતરાયણ











## શિવપૂજન











## શાકોત્સવ











# શિક્ષાપત્રી જયંતી












# ડાયાબિટીસ સેમિનાર













# હનુમાનજી પૂજન અને યજ્ઞ






# ૧૯ પરમહંસોની ગાથા કથા











# હરિ જયંતી












## પ્રસાદીની સાડીનું વિતરણ






## શ્રી ધર્મકુળ પૂજન




## શ્રી નરનારાયણ જયંતી



## ચંદનના વાઘા







# ૨૬ મો પાટોત્સવ











SHREE SWAMINARAYAN MANDIR















































## હિંડોળા











# જલ જીલણી ઉત્સવ

















# હેલ્થ












Midwest Shree Swaminarayan Temple
International Swaminarayan Satsang Organisation
21 W 710 Irving Park Road
Itasca, IL-60143

NON PROFIT ORG
US POSTAGE
PAID
ITASCA, IL
PERMIT NO:2

To,________________________________________

**Live Darshan : http://www.issochicago.org**

# Midwest (Itasca) Shree Swaminarayan Temple

## નૂતન વર્ષારંભ કાર્યક્રમની રૂપરેખા

### ધન તેરશ

October 29-2024 - મંગળવાર
ધનપૂજન શુભ મુહૂર્ત : બપોરે ૩:૦૦ થી ૪:૩૦
October 30-2024 - બુધવાર
સવારે ૬:૩૦ થી ૯:૦૦, સાંજે ૧૦:૩૦ થી ૧૨:૦૦ સુધી.

### કાળી ચૌદશ, October, 31, 2024 - ગુરૂવાર

મારુતિ યાગ : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦
યજમાનશ્રી : પ.ભ.શ્રી અભયભાઈ અને બિજલ, કાવ્યા, દ્વિવેદી

ફ્રુટ અન્નકુટ - હનુમાનજી સમૂહ પૂજન : સાંજે ૫:૦૦
યજમાનશ્રી પ.ભ.શ્રી કમલેશભાઈ અને કોકિલાબેન શાહ

### દિવાળી, November, 1, 2024 - શુક્રવાર

શારદા પૂજન - ચોપડા પૂજન : ૭:૩૦ થી ૧૦:૩૦, બપોરે ૧૨:૦૦ થી ૧:૩૦

### નૂતન વર્ષ આરંભ, November, 2, 2024 - શનિવાર

મંગળા આરતી : સવારે ૬:૦૦
શણગાર આરતી : સવારે ૭:૦૦

અન્નકુટ આરતી અને દર્શન : બપોરે ૧૨:૦૦ થી ૫:૦૦
અન્નકુટ ઉત્થાપન આરતી : સાંજે ૫:૦૦

સંધ્યા આરતી : સાંજે ૭:૦૦
શયન આરતી : રાત્રે ૮:૩૦

### અન્નકૂટના યજમાનશ્રી

પ.ભ.શ્રી હિતેશભાઈ અને બિંદિયાબેન, રવિના, રોષન પાટડિયા પરિવાર

### નવા વર્ષના ફુલહારના યજમાનશ્રી

પ.ભ.શ્રી શ્રી મણિબેન રાયસિંગભાઈ ચૌધરી

### નવા વર્ષના વાઘાના યજમાનશ્રી

પ.ભ.શ્રી રાજેશભાઈ અને છાયાબેન પટેલ
હ. વિનીત